# ન્યુ ગાંધીનગરમાં પાણી-ગટરના જોડાણકર્તાઓ પાસેથી જાળવણી ખર્ચ વસુલાશે

**પાણી ગટર વ્યવસ્થાપન માટે ગુડાએ કરોડોનો ખર્ચ કર્યો : જાળવણી ખર્ચ ન ચુકવતા અંદાજિત ૬૦ લાખ વસુલવા ગુડા હવે રૂબરૂ નોટીસની બજવણી કરશે : ગુડાના આવકના સાધનો મર્યાદિત હોવાથી વિકાસને વેગ આપવા ગુડાનુ નવતર આયોજન**

ગુડાનો મોટાભાગનો વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવેશ થઈ જતા ગુડા માટે હાલ આવકના નવા સાધનો ઉભા કરવા અનિવાર્ય થઈ પડયા છે. ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પાણી ગટરનુ વ્યવસ્થાપન તંત્ર ઉભુ કરવા માટે ગુડાએ કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે. જયારે આ વિસ્તારમાં પાણી ગટરના જોડાણકર્તાઓ અલબત્ત સોસાયટીના ગ્રાહકો કે કોર્મશિયલ જોડાણકર્તાઓ પાણી ગટર માટે જાળવણીનો ખર્ચ ચુકવતા નથી. આ મામલે ગુડાએ અગાઉ નોટીસ આપ્યા બાદ પણ વસુલાતની રકમ ચુકવવામાં નિરસતા દાખવતા બાકીદારો પાસે હવે ગુડા રૂબરૂ નોટીસની બજવણી કરીને અંદાજિત રૂ ૬૦ લાખ વસુલવા માટે કડક ઉઘરાણી કરશે.

ન્યુ ગાંધીનગરમાં પાણી ગટર સહીતની માળખાગત સુવિધાઓ ઉભી કરવા માટે કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે ગુડા દ્વારા હાલ પણ વિવિધ ટી પી વિસ્તારમાં માળખાગત સુવિધાના કામોને વેગ આપવા માટે કામગીરી ચાલી રહી છે. પરંતુ હવે મોટાભાગનો વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થઈ જતા ગુડાએ આવકના નવા સ્તોત્ર ઉભા કરવાની અનિવાર્યતા થઈ છે. આ સ્થિતિ વચ્ચે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પાણી ગટરની સુવિધા માટે જોડાણ મેળવી લીધા બાદ ઘણા બધા કીસ્સામાં સોસાયટીઓના રહીશો કે ગ્રાહકો દ્વારા જાળવણીની વાર્ષિક રકમ ભરવામાં આવતી નથી. જેના લીધે ગુડાના અધિકારીઓ દ્વારા રૂબરૂ નોટીસની બજવણી કરવાનો નિર્ણય લેવાયો છે. જયારે આ મામલે ગુડા દ્વારા અગાઉ બાકીદારોને નોટીસ પણ આપવામાં આવી હતી. પરંતુ આમછતા રકમ ચુકવવામાં ન આવતા હવે રૂબરૂ નોટીસની બજવણી કરવામાં આવશે ત્યારબાદ પણ મેઈન્ટેન્સની રકમ નહીં ચુકવનારના જોડાણ કટ કરી દેવામાં આવશે. સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર ન્યુ ગાંધીનગરના મોટાભાગના વિસ્તારો કોર્પોરેશનમાં ભેળવી દેવાતા ગુડાએ વિકાસની પ્રક્રીયાને ગતિ આપવા માટે ભંડોળની વ્યવસ્થા કરવાનો પણ પ્રશ્ન ઉભો થયો છે. આ સ્થિતિ વચ્ચે બાકી રહેતી વસુલાત તરફ ગુડાની મીટ મંડરાઈ છે. જયારે વસુલાત માટે આયોજન પણ કરી દેવાયુ છે. પાણી ગટરના જોડાણકર્તાઓમાં અંદાજિત ૧૦ હજારથી વધુ બાકીદારો પાસે ગુડા કક્ષાએથી કડક ઉઘરાણી કરવામાં આવશે. અત્યાર સુધી ગુડા કક્ષાએથી ટપાલ મારફતે પણ બાકીદારોને નોટીસ આપવામાં આવી હતી પરંતુ બાકીદારો આ નોટીસને ગણકારતા ન હોવાનુ સ્પષ્ટ થતા ગુડા નોટીસની રૂબરૂ બજવણી માટે મેનપાવરનો ઉપયોગ કરશે. ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પાણીનુ વ્યવસ્થાપન ગુડા દ્વારા ઉભુ કરવામાં આવ્યુ છે. જયારે આ નેટવર્ક માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ વિસ્તારમાં અંદાજિત ૨૫૦ જેટલા વાણિજય હેતુ સહીત ૭૦૦ ઉપરાંત જોડાણના કિસ્સામાં પાણી ગટરના જોડાણના જાળવણી પાછળ થતા ખર્ચની રકમ લાભાર્થીઓ દ્વારા ભરપાઈ કરવામાં આવતી નથી. જેમાં વ્યકિતગત અને સોસાયટીના નામના જોડાણનો પણ સમાવેશ થાય છે. જયારે પાણી ગટરના આ જાળવણી ખર્ચની બાકી રકમ અંદાજિત રૂ ૬૦ લાખ જેટલો થાય છે. ત્યારે આવકના સાધનો મર્યાદિત બની જતા ગુડાએ વિકાસ કામોને વેગ આપવા માટે બાકીદારો પાસેથી રકમ વસુલવા પ્લાન તૈયાર કરી દીધો છે.

## ખૂણેખાંચરેથી

- જિલ્લા વિકાસ અધિકારીના અંગત સચિવ અલ્કેશ નાયક વય મર્યાદાને લઈ આજે સેવા નિવૃત્ત થયા છે.
- મહિલા-બાળ વિકાસ શાખાના કર્મયોગી વિજયસિંહ વાળા પણ આજે વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.
- પૂર્વ નાણાંમંત્રી અને પૂર્વ સાંસદ બાબુભાઈ મેઘજીભાઈ શાહે આજે તેમનો ૮૦મો જન્મ દિવસ સાદગીથી મિત્રો સાથે ઉજવ્યો હતો.
- મનપાનું અગિયારમુ અંદાજપત્ર આજે મનપાના ૧૧મા કમિશનર ડૉ. ધવલ પટેલે સ્થાયી સમિતિ સમક્ષ રજુ કર્યુ હતુ.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસો ઘટતાં તંત્રએ રાહત અનુભવી છે.
- રાજ્ય વિધાનસભાના સત્રનું રાજ્યપાલશ્રીએ આહવાન કર્યુ છે. ૨જી માર્ચથી સત્ર શરૂ થશે.
- રાંધેજા-બાલવા માર્ગના મરામતની કામગીરી ચાલુ હોવાથી સવાર-સાંજ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે.
- સે. ૧૩-સી માં ગટર ઉભરાવવાની સમસ્યા અંગે વારંવાર ફરિયાદો કરવા છતાં નિવેડો ન આવતાં હવે ત્યાં રોગચાળો ફાટી નીકળે તેવો ભય ઉભો થયો છે.
- આજે ગાંધીનગર શહેરમાં ચ-૩ નું ટ્રાફિક સિગ્નલ ટેકનીકલ ક્ષતિને કારણે કાર્ય કરતુ અટકી ગયુ હતુ. જેનાથી વાહનચાલકો પરેશાન થયા હતા.
- શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ ઘણુ ઓછુ હતુ.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



જો મારો દિકરો કેનેડા છે... ત્યાં માસ્ક ન પહેરવાનું આંદોલન કરે છે... જો એ જીતી જાય તો હું પણ અહીં માસ્ક નથી પહેરવાનો...!!

# રાંધેજાથી બાલવા ચોકડી માર્ગના રીસરફેસીંગને અનુલક્ષી રૂટમાં ટ્રાફિક જામના દ્રશ્યો

**અંદાજિત ૮ કી મીના આ માર્ગની સુધારણા માટે ૫ કરોડના ખર્ચનો અંદાજ : ટ્રાફિકને ડાયવર્ટ કરવા માટે દરખાસ્ત અંગે કોઇ નિર્ણય લેવાયો નથી**

ગાંધીનગર તા ૩૧

રાંધેજાથી બાલવા ચોકડી તરફ જતા ૮ કીમીના માર્ગનુ રીસરફેસીંગ હાથ ધરવામાં આવ્યુ છે. આ માર્ગની સુધારણા પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ થશે જયારે હાલ આ માર્ગના રીસરફેસીંગની કામગીરી દરમિયાન ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. આજે પણ માર્ગ સુધારણાની કામગીરી ચાલુ હતી તે વેળાએ માર્ગ પર જતા વાહનો અટવાયા હતા. આ માર્ગ પર સતત ટ્રાફિકનુ ભારણ રહે છે. ત્યારે ટ્રાફિક ડાયવર્ટ કરીને યોગ્ય સંચાલન થાય તે માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં શહેરના માર્ગોની સુધારણાનુ કામ પણ સમયાંતરે હાથ ધરવામાં આવે છે. જયારે શહેરીની જેમ જિલ્લાને જોડતા વિવિધ માર્ગોને અનુલક્ષી તબક્કાવાર માર્ગ રીસરફેસીંગના કામોનુ આયોજન કરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લા વિસ્તારમાં સમાવિષ્ય માર્ગોની દશા સુધારવા માટે કામોને મંજુરી આપવામાં આવી છે. જેમાં વરસાદી દિવસો બાદ કામ શરૂ કરાયુ હતુ જયારે દિવાળી અને ત્યારબાદ વાઈબ્રન્ટ સમિટની ઉજવણીની તૈયારીમાં આ કામો પણ મંદ પડી ગયા હતા જયારે હવે ફરી માર્ગ રીસરફેસીંગની આ કામગીરી ઝડપથી પુર્ણ કરવાની દીશામાં કામ શરૂ કરી દેવાયુ છે. હાલ રાંધેજાથી બાલવા ચોકડી વચ્ચેના માર્ગનુ કામ ચાલી રહ્યુ છે. અંદાજિત ૮ કી મીના આ માર્ગના રીસરફેસીંગ પાછળ રૂ ૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જયારે માર્ગ સુધારણાની આ કામગીરી દરમિયાન ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. આજે પણ આ માર્ગ પર ટ્રાફિક ઉભરાતો નજરે પડયો હતો. માર્ગ પર ટ્રાફિકના સંચાલન માટે મેન પાવર કામે લાગ્યો હતો. પરંતુ ટ્રાફિક ડાયવર્ટ કરવાની દરખાસ્ત હજુ પેન્ડીંગ છે. અલબત્ત તંત્ર દ્વારા આ માર્ગની કામગીરી હાથ ધરવાને અનુલક્ષી અગાઉ કલેકટર કચેરીમાં ભારે વાહનો તેમજ ટ્રાફિકને ડાયવર્ટ કરવા માટે જિલ્લા કલેકટર કચેરીમાં દરખાસ્ત કરી હતી જો કે હજુ સુધી આ મામલે કોઈ આયોજન કરવામાં આવ્યુ નથી ત્યારે માર્ગ સુધારણાનુ કામ કરવામાં તંત્ર માટે સમસ્યા વધી છે. આ માર્ગ પર આમ પણ રોજબરોજ સંખ્યાબંધ વાહનોની અવરજવર રહે છે. જેના લીધે સતત ટ્રાફિકના ભારણ વચ્ચે વાહનોનો ધમધમાટ રહે છે. આ રૂટમાં મહત્વના જંકશન આવતા હોવાના લીધે પણ આગળ જતા ગાંધીનગર શહેર સાથે જોડાયેલા આ રોડનેટવર્ક પર ટ્રાફિકની વિશેષ અવરજવર રહે છે. ત્યારે હાલ માર્ગ સુધારણાની કામગીરી ઝડપથી પુર્ણ થાય તેમજ ટ્રાફિકના સંચાલન માટે પણ યોગ્ય વ્યવસ્થા થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. આજે દિવસ દરમિયાન વાહનચાલકોએ સતત ટ્રાફિક જામમાં હેરાનગતિ વેઠવી પડી હતી દિવસ દરમિયાન સતત માર્ગ પર સતત ટ્રાફિકનુ સંચાલન ખોરવાયુ હતુ.





# શોભાના ગાંઠીયા સમાન કોલવડાની સ્ટ્રીટલાઈટ

કોલવડા ગામને ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવતો હોવાથી આ ગામમાં આવતાની સાથે કેટલાય સમયથી કોર્પોરેશન દ્વારા સ્ટ્રીટલાઈટોના થાંભલા નાંખવામાં આવ્યા છે. પણ થાંભલા તો નાખ્યા પણ સ્ટ્રીટલાઈટ ક્યારે ચાલુ કરશે એ જોવાનું રહ્યું. કોલવડા ગામના પ્રવેશદ્વાર પણ ટાટા ચોકડીથી ગામ તરફની નવી સ્ટ્રીટલાઈટો નાખ્યાં બાદ કનેક્શન ના આપવાના કારણે રાત્રે ગામમાં આવવા માટે અંધારાની તકલીફો ઉભી થાય છે. કેટલીયવાર અકસ્માત થવાની પણ સંભાવના રહે છે.

જયારે કોર્પોરેશનના ટોલ ફ્રી ૧૮૦૦૧૦૮૧૮૧૮ ઉપર કોલ કરીને ફરીયાદ નોંધાવતા છતાં પણ આ સ્ટ્રીટલાઈટ ચાલુ કરવામાં આવતી નથી. જાગૃત નાગરિકે કોલ કરીને ફરીયાદનું સ્ટેટસ જાણવામાં આવ્યું તો આ ટોલ ફ્રી નંબર પર કહેવામાં આવેલું કે આ ગાંધીનગર કોર્પોરેશનમાં આવતું નથી. એવું કહેવામાં આવ્યું હતું. આ ગામની શરૂઆતમાં જીઆઈડીસી આવેલી છે તેમજ આજુબાજુ નવી સોસાયટીઓ, સ્કૂલો પણ આવેલી છે. જો વહેલી તકે આ સ્ટ્રીટલાઈટ ચાલુ નહી થાય તો અકસ્માતની સંભાવના રહેલી છે.

# કલોલ સગીર યુવતિને કેનાલમાં ફેંકી હત્યા નિપજાવનાર આરોપી ઝડપાયો

ગાંધીનગર,તા.૩૧

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે સગીર વયની યુવતિનું અપહરણ કરી કેનાલમાં ફેંકી દઈ મૃત્યુ નિપજાવનાર પરિણિત પ્રેમીને એસઓજી દ્વારા દબોચી લેવામાં આવ્યો છે. પોલીસે આરોપીને પકડી પાડી હત્યાના ગુનાનો ભેદ ઉકેલી દીધો છે. અંગત પળના વિડીયો પ્રેમીકા પ્રેમીની પત્નિને દેખાડી વાયરલ કરવાની ધમકી આપતા અને પૈસાની માંગ કરતા પ્રેમીએ હત્યાના ગુનાને અંજામ આપ્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

કલોલ પોલીસ મથકમાં સગીરાના અપહરણ અને દુષકર્મ અંગે ગુનો નોંધાયો હતો. આ તપાસ એસઓજીને સોંપવામાં આવી હતી. તપાસ દરમિયાન સગીર યુવતિનો મૃતદેહ મળી આવ્યો હતો.જયારે તપાસમાં પ્રેમીએ જ પ્રેમીકાની હત્યા કરી હોવાનું ધ્યાને આવ્યું હતું. જય ઉર્ફે જયકિશન ઉર્ફે જેકી મનોજભાઈ સવજીભાઈ ચૌહાણ (રહે.બી.૨૦૫ ઔડાના મકાન દાસ્તાન સર્કલ નરોડા અમદાવાદ) તેની પત્નીની બહેનપણીના માધ્યમથી સગીરાના સંપર્કમાં આવ્યો હતો. જો કે પ્રેમસંબંધ બંધાયા બાદ સગીર પ્રેમીકા તેને બ્લેકમેઈલ કરી ધમકી આપતા તેણીનું અપહરણ કર્યું હતું. ત્યારબાદ સગીર પ્રેમીકાના નામથી પ્રેમી જય ફરીયાદીને ડમી સીમકાર્ડ અને ઈન્સ્ટુમેન્ટ વાપરી ઈન્ટરનેટના માધ્યમથી મેસેજ કરીને સગીરા હયાત છે તે પુરવાર કરવા માટે અનેકવાર મેસેજ કરતો હતો. જયારે તપાસ સમયથી જય શંકાના દાયરામાં હતો. બનાવ પહેલા તે મુંબઈ મોબાઈલ દુકાન ચલાવતો હતો. જયારે રાજયના વિવિધ જિલ્લામાં પણ હથીયાર, હનીટ્રેપ, વિદેશી દારુની હેરફેર સહિતના કેસમાં પકડાયેલ હતો. તે ઉપરાતં ગુજરાત અને મહારાષ્ટ્ર ખાતે દેહ વ્યાપારના ધંધા સાથે સંકળાયેલ હોવાથી રીઢો ગુનેગાર છે. જેકી તેની બહેનના ઘરે આવતો હોવાની બાતમી પોલીસને મળી હતી. તે રીઢો ગુનેગાર હોવાથી સ્થાનિક પોલીસની મદદ લેવામાં આવી હતી. પોલીસની ટીમે મુંબઈ ખાતે વોચ ગોઠવીને જયકિશનને દબોચી લેવાયો હતો. ગાંધીનગર લાવી પોલીસે ઉંડાણપૂર્વક પુછતાછ કરતા તેણે સાગરીત મનોજ જયસ્વાલ (રહે.નાલાસોપારા ઈસ્ટ મુંબઈ)ની મદદથી પ્રેમીકાનું કાસળ કાઢવા લુણાસન કડી કેનાલ ખાતે તેણીને ફોસલાવી પોતાની ગાડીમાં લઈ જઈ કેનાલમાં ફેંકી દઈ હત્યાના ગુનાને અંજામ આપ્યાની કબુલાત કરી હતી.

**કિશન ભરવાડના હત્યારાઓને ફાંસીની સજા આપવા**

# ગુજરાત માલધારી સેના દ્વારા ગાંધીનગર કલેકટરને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૩૧

ધંધુકાના યુવાન કિશન ભરવાડની હત્યાના વિરોધમાં ગુજરાત માલધારી સેના, સમાજના અને બજરંગદળ, વીએચપીના કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.



ગાંધીનગર બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના યુવાનો દ્વારા ઘ-૫ થી કલેકટર કચેરી સુધી રેલી સ્વરુપે જઈ કલેકટરને આવેદન પત્ર આપ્યું હતું. જેમાં કિશન ભરવાડના હત્યારાઓ સામે કડક પગલા ભરવા અને ૯ જેટલી માંગણીઓની લેખિતમાં રજુઆત કરાઈ છે. આ પ્રસંગે માલધારી

ગુજરાત માલધારી સેનાની મુખ્ય માંગણીઓમાં તમામ આરોપીઓની ધરપકડ કરવામાં આવે, આ કેસમાં રાજય સરકાર દ્વારા વકીલ નિમવામાં આવે, સમગ્ર કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવે, મૃતકના પરિવારને આર્થિક સહાય આપવામાં આવે, મૃતકના પરિવારમાં સરકારી નોકરી આપવામાં આવે, મૃતક યુવાનની પત્નિને પેન્શન આપવામાં આવે, મૃતક યુવકના નામ પર કોઈ સડકનું નામકરણ કરવામાં આવે, તેમજ મૃતક યુવાનની દિકરીની જવાબદારી સરકાર દ્વારા લેવામાં આવે. જયારે ઘ-૫ થી કલેકટર કચેરી સુધી હજ્જારો યુવાનો ચાલતા જઈ કિશન ભરવાડની હત્યાના વિરોધમાં કલેકટરને આવેદન પત્ર પાઠવી સત્વરે યોગ્ય કરવા રજુઆત કરી હતી.

# ટૉય ઈનોવેશન વિભાગ દ્વારા એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે રોબોટિક્સ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ટૉય ઈનોવેશન વિભાગ દ્વારા ગાંધીનગરની ગવર્નમેન્ટ પોલિટેકનિકના વિદ્યાર્થીઓ માટે 'ટૉય મેકિંગ એન્ડ જોયફુલ લર્નિંગ થ્રૂ રોબોટિક્સ' થીમ પર બે દિવસીય વર્કશોપ તાજેતરમાં યોજાઈ ગયું. તેમાં અંદાજે ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે વિદ્યાર્થીઓને અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગ સાથે ઈનોવેશનની પ્રેરણા આપી હતી. સમગ્ર વર્કશોપનું આયોજન ટૉય ઈનોવેશન વિભાગના અધ્યક્ષ તથા ડાઈરેક્ટર ડૉ. નિમિષ એચ. વસોયા દ્વારા કરવામાં આવ્યું. ગવર્નમેન્ટ પોલિટેકનિકના હેડ એન.બી. શાહે વિદ્યાર્થીઓને ટેક્નોલોજીનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વર્કશોપમાં ટેકનિકલ એક્સપર્ટ તરીકે ટૉય ઈનોવેશન વિભાગના આસિ. પ્રો. રાજેશભાઈ વાંસદડિયાએ સેવા આપી. જેઓએ વિદ્યાર્થીઓને ઈલેક્ટ્રોનિક્સ સાધનોથી લઈને સર્કિટ સુધીની વિસ્તૃત સમજ આપી હતી.

વર્કશોપમાં આધુનિક સેન્સર્સ, ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (જીપીએસ) તથા બ્લૂ ટૂથ સહિતના ઉપયોગથી રોબોટ તથા કારને કઈ રીતે ચલાવી શકાય તેનું થિયરી સાથે પ્રેક્ટિકલ શિક્ષણ અપાયું તેમજ બેઝિકથી લઈને એડવાન્સ લેવલ સુધીના રોબોટ બનાવતાં શીખવવામાં આવ્યા હતા. વર્કશોપના અંતમાં કુલસચિવ ડૉ. અશોક એન. પ્રજાપતિ તેમજ ડૉ. નિમિષ વસોયા દ્વારા સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોરોનાકાળમાં અનેક વિદ્યાર્થીઓ પ્રેક્ટિકલ જ્ઞાનથી દૂર થઈ ગયા છે ત્યારે ટૉય ઈનોવેશન વિભાગ દ્વારા આ વર્કશોપના માધ્યમથી છાત્રોને જ્ઞાન સાથે પ્રેક્ટિકલ સમજ અપાઈ હતી. ભવિષ્યમાં આ વિદ્યાર્થીઓ ટૉય મેન્યુફેક્ચરિંગમાં સ્વનિર્ભર થાય તે હેતુથી આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.



## સાદરા સંકુલમાં ગાંધીનિર્વાણ દિવસ ઉજવાયો

મહાત્મા ગાંધીની ૭૪મી પુણ્યતિથિ મહાત્મા ગાંધીને ગમતી પ્રવૃત્તિઓ જેવી કે પ્રભાતફેરી, પેટોરેંટિયા કાંતણ, સમૂહ સફાઈ, સમૂહ પ્રાર્થના, સમૂહ પ્રાર્થનામાં મૌન, ખાદી ગ્રામ ઉદ્યોગમાં ખાદી વણાટ દ્વારા ઉજવવામાં આવી. ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના સેવક નિવાસ સામેના નવરાત્રિ ચોકમાં સાયમ પ્રાર્થનામાં સૌ સેવક નિવાસી ભાઈઓ-બહેનો અને નાનાં ભૂલકાઓએ ભાગ લીધો. સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિવિધ પ્રવૃત્તિઓના આયોજનમાં ગૃહપતિ મોહનભાઈ પટેલ, જયેશભાઈ રાવલ, ગૃહમાતા વસંતી પરમાર, સ્મીતા ગામીતનો સાથ સહકાર રહ્યો. અધ્યાપક ડૉ. કનુભાઈ વસાવાએ મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપતું ગાંધી વિચારોને પ્રસ્તુત કરતું પ્રવચન કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગૃહપતિ મોહનભાઈ પટેલે કર્યુ હતુ.

# સેકટર-૬-૭ના કટ પાસેથી અજાણી વ્યકિતનો મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર,તા.૩૧

ગાંધીનગર શહેરના મુખ્ય ઘ માર્ગ પર સેકટર-૬-૭ ના કટ પાસે રહેલા બેસવાના બાંકડા પરથી એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. આ પુરૂષની ઉંમર અંદાજે ૬૦ થી ૬૫ વર્ષની લાગી રહી છે. જયારે તા.૩૧ ને સોમવારના રોજ ૧૨ કલાક પહેલાના કોઈપણ સમયે મરણ ગયેલ હાલતમાં મળી આવેલ છે. જેના વાલીવારસ મળી આવેલા ન હોય બિનવારસી હોય તેના વાલી વારસ અંગે જાણ થાય તો



સેકટર-૭ પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવાયું છે.